## ખેડબ્રહ્મામાં સ્ટેટ હાઇવે પરના દબાણો હટાવ્યા

ખેડબ્રહ્મામાં બુધવારના રોજ સરકારીતંત્ર દ્વારા સ્ટેટ હાઈવે પરના કાચા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. ખેડબ્રહ્મા આર.એન્ડ.બી. વિભાગ દ્વારા પંદર દિવસ પહેલા નવા મારવાડાથી બસસ્ટેશન સુધીના શહેરમાંથી પસાર થતા સ્ટેટ હાઈવેના દબાણો દૂર કરવા નોટિસ આપી હતી જેને બુધવારના રોજ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે અંતરગત આર.એડ.બી.ના એન્જીનીયર આઈ. કે. પટેલ, એસ.ઓ. દિલીપભાઈ ચૌધરી, કનકભાઈ ત્રિવેદી, નગરપાલિકા ચીફ ઓફિસર વી.એસ. ચરણ, નગરપાલિકા સ્ટાફ, સીટી સર્વે કચેરી અને પોલીસ બંદોબસ્ત સાથે નવા મારવાડાથી બસ સ્ટેશન સુધી રોડ ઉપરના શેડ, ગલ્લા, હોર્ડિંગ્સ સહિતના ૧૫૦ જેટલા દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

# ગાયોને અન્ય પાંજરાપોળ કે ગૌશાળાઓમાં ખસેડાશે

## નાણી ખાતેની ગૌમાતાઓને બચાવવા ડીસા ખાતે બેઠક યોજાઈ

મંગળવારના રોજ શાસ્ત્રીજી મહારાજ ગૌશાળા ડીસામાં નાણી એરફોર્સની ગૌમાતાઓને બચાવવા માટે મિટિંગ કરવામાં આવી હતી, જેમાં હાલમાં ગૌવંશની ગંભીર સ્થિતિની સમસ્યાના કાયમી નિરાકરણ માટે અગત્યની ચર્ચા કરવામાં આવી તથા ગૌવંશ માટે દાતાઓ દ્વારા ઘાસચારાની વ્યવસ્થા કરવામાં આવી. પૂજ્ય સંત મુકુંદપ્રકાશજી બ્રહ્મચારી પથમેડા સંતના સાનિધ્યમાં મીટિંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગૌવંશની સેવામાં દરેક સમયે હાજર રહેનાર બનાસકાંઠા ગૌશાળા અને પાંજરાપોળના ગૌભક્તો, ગૌસેવકો, ગૌસેવા સમિતિના સભ્યો, હિન્દુ યુવા સંગઠનના યુવકો, નાણી ગામના સરપંચ તથા યુવાનો, વડીલો, બનાસકાંઠા ગૌશાળા પાંજરાપોળ ફેડરેશનના પ્રમુખ ચિનુભાઈ શાહ, ગુજરાત ગૌશાળા પાંજરાપોળના મેનેજીંગ ટ્રસ્ટી જયંતીભાઈ દોશી, રાજપુર પાંજરાપોળ ભરતભાઈ કોઠારી, શાસ્ત્રીજી મહારાજ, ગૌશાળાના ટ્રસ્ટીઓ દ્વારા સર્વાનુમતે નાણી એરફોર્સમાંથી દરેક ગૌવંશને અલગ અલગ ગૌશાળા કે પાંજરાપોળમાં મોકલવાની વ્યવસ્થા કરવાનું નક્કી કરવામાં આવ્યું તથા ગૌવંશ માટે ત્યાં વાડા બનાવી હાલ પુરતી સંભાળ રખાય એવી વ્યવસ્થા કરવા માટે જાળી તથા અન્ય સામગ્રી મંગાવવામાં આવી. અલગ અલગ ગૌશાળા-પાંજરાપોળની ટ્રેક્ટર ટ્રોલી લાવી ગૌવંશને વહેલામાં વહેલી તકે અન્ય ગૌશાળાઓમાં ખસેડવામાં આવે એવું નક્કી કરવામાં આવ્યું તથા આ દુઃખી ગૌવંશ માટે દાતાઓની મદદથી જે પણ વ્યવસ્થા કરવી પડે એના માટે દરેક ગૌભક્તોએ હાજર રહેવાનું નક્કી કરવામાં આવ્યું તથા આ કાર્ય માટે અલગ અલગ સમિતિ પણ બનાવવામાં આવી હતી.

# ...કેમ લખતો નથી.. શિક્ષિકાએ વિદ્યાર્થીની પીઠ પર સોટીઓ ફટકારી

## ટીંટોડાની આર.ડી.ગાર્ડી હાઇસ્કુલનો બનાવ : ઇજાગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો માસુમ વિદ્યાર્થીને ઢોર માર મારનાર શિક્ષિકાની સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ પણ ઉઠવા પામી છે

ગાંધીનગર તા ૨૬

તુ કેમ લખતો નથી .. તેમ કહીને ટીંટોડાની શિક્ષિકાએ એક વિદ્યાર્થીને પીઠ પર સોટીઓ ફટકારતા માસુમ વિદ્યાર્થીને પીઠના ભાગે ઈજાઓ થઇ હતી. ટીંટોડાની ડો આર ડી ગાર્ડી હાઈસ્કુલની આ ઘટનામાં ધો -૯ માં અભ્યાસ કરતા આ ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની ફરજ પડી હતી.

શાળામાં શિક્ષણની ગુણવત્તા સુધરે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા અસરકારક પગલા લેવા અભિયાન હાથ ધરાયુ છે. જયારે શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં સંસ્કારનુ સિંચન થાય તે માટે પણ શિક્ષણવિદો પ્રયત્નશીલ છે. પરંતુ આજે ભાર વિનાના ભણતરની વાતો વચ્ચે ઘણીવાર માસુમ વિદ્યાર્થીઓએ આકરો માર સહન કરવાનો વારો આવે છે. વિદ્યાર્થીઓ પર હાથ ઉપાડવાની મનાઈ છે. પરંતુ હજુ પણ ઘણીવાર શિક્ષકોના કોપનો ભોગ બનતા વિદ્યાર્થીઓને શારિરીક ઈજા પહોંચતી હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. જયારે આ સ્થિતિ વચ્ચે માસુમ બાળકોની મનોદશા ઉપર પર વિપરિત અસર થાય છે. ગાંધીનગર નજીક સ્થિત ટીંટોડા ગામની ડો આર ડી ગાર્ડી હાઈસ્કુલમાં પણ આજે આવી જ ઘટના બની હતી. ટીંટોડા ગામમાં રહેતા અને ધો -૯ માં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી બજરંગ કાનાજી ઠાકોરની પાસે પેન ન હોવાથી આજે તે વર્ગખંડમાં લેખન કરતો ન હતો જયારે આ દરમિયાન વર્ગમાં હિન્દી વિષયની શિક્ષિકા વસંતીબેન પટેલે કેમ લખતો નથી તેમ કહી પીઠના ભાગે સોટીથી માર માર્યો હતો. જેના લીધે વિદ્યાર્થીને ઈજા થવા પામી હતી. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર અર્થે ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ટીંટોડામાં બજરંગ નામનો આ વિદ્યાર્થી તેના કાકાના ઘરે રહેતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

# વડગામમાં મામલતદારના અધ્યક્ષસ્થાને ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

વડગામ, તા. ૨૬

તાલુકાના દસ અરજદારો દ્વારા મુંઝવતા પ્રશ્નોની કરાઈ હતી રજુઆત-તાલુકા ફરિયાદ નિવારણમાં મેમદપુર અને કરનાળા પંચાયતના પ્રશ્નો ગુંચવણમા વડગામ, વડગામમા મામલતદાર આર.સી. ઠાકોરના અધ્યક્ષસ્થાને તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમા તાલુકાના દસ જેટલા અરજદારો દ્વારા મુંઝવતા પ્રશ્નોની ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. જેમા મેમદપુર અને કરનાળા ગ્રામ પંચાયતમા સરપંચો સામે ભારે આક્ષેપો કરાયા હતા અને તાલુકા પંચાયતના લાગતા વળગતા સરકારી બાબુઓના મેળપણાથી અરજદારોને ગેરમાર્ગે દોરીને કાગળો ઉપર જ કાર્યવાહી કરાતી હોવાના ચોંકાવનારા આક્ષેપ અરજદારો દ્વારા કરાયા હતા. વડગામના મેમદપુર ગામમાં વોર્ડ નં. ૮ના સદસ્ય દ્વારા તાલુકા ફરિયાદમા રજુઆત સાથે આક્ષેપ કર્યો હતો કે પંચાયતમા પંચાયતના પદાધિકારીઓ સિવાય અન્ય લોકો પણ પંચાયતની મિટીંગમા હાજર રહેતા હોય છે. વધુ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે મારા વોર્ડમા વિકાસના કામો કરવા પંચાયતમા ઠરાવો કરવા છતાં એક પણ કામ થતું નથી અને પાછળથી ઠરાવો કરીને ગામના કામો કોન્ટ્રાક્ટરના ઈસારે કરાઈ રહ્યાના ગંભીર આક્ષેપ કર્યો હતા. જયારે કરનાળાના એક અરજદાર દ્વારા સરપંચ દ્વારા ગૌચરની જમીન પચાવી પાડીને દબાણ કરી દેવાયા છે. જે બાબતે પંચાયતના ચોપડે દબાણ નોંધાયા હોવાના આક્ષેપ કરીને સરપંચને પંચાયત ધારા હેઠળ ૫૭/૧ ની નોટીસ આપવા તાલુકા પંચાયતના સત્તાધીશોને રજુઆત કરવા છતા તાલુકા પંચાયતના જવાબદાર કર્મચારીઓ દ્વારા સરપંચ સામે કાર્યવાહી ન કરાતાં તાલુકા ફરિયાદમા રજુઆત કરવામાં આવી હતી.

તાલુકા ફરિયાદમા તાલુકા પંચાયતના કર્મીઓ દ્વારા જણાવ્યું હતું કે ડીએલઆરમા જમીન માપણી માટેની માંગણી કરાઈ છે. જમીન માપણી થયા બાદ કાર્યવાહી કરવાનો ગોળ ગોળ જવાબ આપીને માથેથી ખભે કરાયુ હતું. અરજદાર દ્વારા કોઈ ઉકેલ ન આવે તો ગાંધીચિંધ્યા માર્ગે ઉપવાસ ઉપર બેસવાની ચિમકી ફરિયાદ નિવારણમાં જ ઉચ્ચારી હતી. કરનાળાના એક સામાજિક કાર્યકર દ્વારા લોકોને મુંઝવતી સમસ્યાનું ફરિયાદ નિવારણમા રજુ કરાઈ હતી. કરનાળાથી શિવનગર જવાના પરા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રોડની બિસ્માર હાલત હોવાથી લોકો તોબા પોકારી ઊઠયા છે જે રોડ બનાવવા અરજદાર દ્વારા તાલુકા ફરિયાદ કાર્યક્રમનો આશરો લેવાની ફરજ પડી હતી. આ રોડ પંચાયતના માર્ગ અને મકાન વિભાગ હેઠળ આવતો હોવાથી ફરિયાદ નિવારણમાં ઉપસ્થિત રહેનાર માર્ગ અને મકાન વિભાગના એસો જયરાજસિંહને મામલતદાર દ્વારા પુછાતાં તેમણે જણાવ્યું હતું કે જે તે સમયે રોડ બનાવાયો તે વખતે લોકોએ વિરોધ કરતા અને જગ્યા કોર્ટ મેટર હોવાનું જણાવતા રોડનુ કામ અધુરું રહ્યું હોવાનું જણાવ્યું હતું.

# ડીસા તાલુકાના તાલેપુરામાં ખેતરની વાડ મામલે મહિલા ઉપર હુમલો

ડીસા તાલુકાના તાલેપુરા ગામે પોતાના ખેતરમાં વાડ બનાવવા મુદ્દે મહિલાને ધોકો મારી જાનથી મારી નાખવાની ધમકી મામલે ડીસા તાલુકા પોલિસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. ડીસા તાલુકાના તાલેપુરા ગામે રહેતા અને ખેતી કરતા મસરૂભાઈ અરજણભાઈ ચૌધરીના માતા દલુબેન તારીખ ૨૩-૨-૨૦ના રોજ પોતાના ખેતરમાં ઢોર ના પ્રવેશ કરે તે માટે આસપાસમાં વાડ બનાવતા હતા તે દરમિયાન બાજુના ગામ ધાનપુરા ગામનો પ્રભાતસિંહ મગનસિંહ ઠાકોર ત્યાં આવેલો અને તારો છોકરો ક્યાં છે અને તમે કેમ ખેતરને વાડ કરો છો? તેથી દલુબેને કહેલ કે રખડતા ઢોર ખેતરમાં ના આવે તે માટે વાડ બનાવું છું આવું કહેતા પ્રભાતસિંહ ઉશ્કેરાઈ ગયેલો અને દલુબેનને ગાળો બોલી ગડદાપાટુનો માર મારવા લાગેલ તેમજ જમણા હાથે ધોકો મારી ફેક્ચર કરેલ તે દરમિયાન બાજુના ખેતરમાંથી તેમના સગા દોડી આવી તેમને છોડાવેલ.

# અમદાવાદમાં '૧૭મા દિવ્યાંગ ટેલેન્ટ એન્ડ ફેશન શો'માં દિવ્યાંગ હીરો એમની પ્રતિભાઓ પ્રદર્શનત કરશે

નારાયણ સેવા સંસ્થાન (એનએસએસ)ના વિશિષ્ટ ટેલન્ટ શૉ નું આયોજન અમદાવાદમાં થશે. આ વીકેન્ડમાં સાબરમતીના કિનારે ૧ માર્ચના રોજ ૧૭મો દિવ્યાંગ ટેલેન્ટ શૉ યોજાશે. જેમાં અમદાવાદનાં કુટુંબો પ્રેરક અને રોમાંચક દિવ્યાંગ પ્રતિભાઓ અનુભવશે. આ ઈવેન્ટમાં અમદાવાદી દર્શકો સામે દિવ્યાંગજનો એમની વિશિષ્ટ પ્રતિભાઓ પ્રદર્શિત કરશે. એમાં અમારા મુખ્ય અતિથિ અભિનેતા દિલીપ જોશી સાથે ૪૦ અતિ કુશળ અને પ્રતિભાશાળી દિવ્યાંગ હીરો સામેલ થશે.

મોટા ભાગના સહભાગીઓએ આ શૉ માં સામેલ થયા અગાઉ જીવનમાં નાણાંકીય અને શારીરિક અવરોધોનો સામનો કર્યો હતો. એમાંથી કેટલાંક દિવ્યાંગો એવા છે, જેમણે સેરેબ્રલ પાલ્સી, પોલિયોથી પીડિત છે તેમજ કેટલાંક લોકોએ અકસ્માતમાં પગ ગુમાવ્યો છે. નાણાંકીય અને શારીરિક મર્યાદાઓને કારણે આ વ્યક્તિઓએ આશા ગુમાવવાની શરૂઆત કરી હતી. નારાયણ સેવા સંસ્થાનના પ્રવક્તા ઓમ પાલ સિલાને એક પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે 'દિવ્યાંગજનો અમારા દિવ્યાંગ ટેલેન્ટ શૉ માં પ્રદર્શિત કરવા નવી કુશળતા વિકસાવવા શારીરિક મર્યાદા અનુભવે છે, પણ તેમણે તેમની હાલનાં કૌશલ્યમાં વધારે કુશળતા મેળવી છે. અમે એમની પીડા જાણીએ છીએ અને સમજીએ છીએ. મારૂ માનવું છે કે આપણે તેમને એવું વિચારતા અટકાવવા શક્ય શ્રેષ્ઠ રીતે મદદ કરવી જોઈએ. ચાલો આપણે તેમની પ્રતિભાઓને પ્રોત્સાહન આપીએ.''

# અરવલ્લી જિલ્લા સેવા સદનમાં જનસેવા કેન્દ્રનું ઉદ્‌ઘાટન ટલ્લે ચઢ્યું

મોડાસા, તા. ૨૬

મોડાસા ખાતે આવેલ અરવલ્લી જીલ્લા સેવા સદનમાં અરજદારોને મદદરૂપ થવાના ઉમદા હેતુથી લાખ્ખો રૂપિયાના ખર્ચે નવીન જનસેવા કેન્દ્ર તૈયાર કરવામાં આવેલું છે, જોકે આ જન સેવા કેન્દ્ર ઉદ્ઘાટનના અભાવે બંધ છે. જાન્યુઆરીની ૧૮ તારીખના રોજ ઉદ્ઘાટનની તમામ તૈયારી કરી દેવામાં આવી હતી અને નેતા પણ આવવાના હતા, પણ નેતા કોઈ અન્ય કાર્યક્રમમાં જતા રહેતા ઉદઘાટન કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હતો. ટ્રમ્પના સ્વાગતમાં વહીવટી અને રાજકીયતંત્ર તેમની આગતા-સ્વાગતમાં તૈનાત રહેતા વધુ એકવાર જનસેવા કેન્દ્રના ઉદ્ઘાટનની કામગીરી ટલ્લે ચઢતા અરજદારો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે હવે એક મહિનો વીતી જવા છતાં તૈયાર થયેલા નવીન અને આધુનિક જનસેવા કેન્દ્ર ક્યારે શરૂ થશે તેના પર પ્રશ્નાર્થ ઉભા થઇ રહ્યા છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૯ ફેબ્રુઆરીએ જીલ્લા સેવાસદન કચેરીમાં નિર્માણ થયેલ જનસેવા કેન્દ્રનું વિધિવત ઉદ્ઘાટન થવાનું હતું તંત્રએ તૈયારીઓ પણ આદરી દીધી હતી ત્યારે જગતના જમાદાર ગણાતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪ ફેબ્રુઆરીએ મોટેરા સ્ટેડિયમમાં મેગા ઈવેન્ટમાં આવકારવા વહીવટીતંત્ર અને કાર્ડ માં સુધારા-વધારા સહિતની કામગીરી આ નવીન જનસેવા કેન્દ્રમાં કરવામાં ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે, એટલું જ નહીં અહીં અરજદારો માટે ઝેરોક્ષ મશીનની પણ સુવિધા છે. આ સાથે જ નોટરી કરવા માટે

રાજકીય નેતાઓ રોકાઈ જતા વધુ એકવાર જનસેવા કેન્દ્રનું કામકાજ ટલ્લે ચઢતા જનસેવા કેન્દ્રના પ્રારંભ આડે વધુ એક ટ્રમ્પ રૂપી ગ્રહણ નડતા વધુ એકવાર ખોરંભે ચઢ્યું છે.

મોડાસા મામલતદાર કચેરી ખાતે અરજદારો માટે નવીન જનસેવા કેન્દ્ર લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે, જેમાં આવકનો દાખલો, જાતિનો દાખલો, રેશન પણ અરજદારોને બહાર નહીં જવું પડે, તે પ્રકારની વ્યવસ્થા જનસેવા કેન્દ્રમાં કરાઈ છે, પણ લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા જનસેવા કેન્દ્ર હજુ શરૂ નથી થયું. પ્રાપ્ત માહિતી મુજબ આ જનસેવાને ખુલ્લુ મુકવા માટે કોઈ નેતા આવવાના હોવાની રાહ જોવાઈ રહી છે પણ નેતા ક્યારે આવશે અને અરજદારો માટે નવીન જનસેવા કેન્દ્ર ક્યારે ખુલ્લુ મુકાશે તે એક સવાલ છે.

# વાત્રક નદી પર ટ્રેક્ટર-ટ્રક અકસ્માતમાં વધુ એક મોત

## મોતનો આંકડો ૬ ને આંબ્યો : બેલ્યો ગામમાં ૬ કલાકમાં ૬ નનામી નીકળતા ગામ હીબકે ચઢ્યું

અરવલ્લીના માલપુરમાં ટ્રેક્ટર ડમ્પર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો વાત્રક નદી પરના બ્રીજ પર એક ટ્રેક્ટરને પાછળથી ટક્કર મારતા મામેરું લઈને જતાં ૪ ભાઈઓના પરિવારના ટ્રેક્ટરમાં બેઠેલા ૫ યુવકો ૫૦ ફૂટ ફૂટથી વધુ નીચે બ્રિજ પરથી વાત્રક નદીમાં ખાબકતા ૫ યુવકોના મોત નિપજતા એનડીઆરએફ, સ્થાનિક તંત્ર અને તરવૈયાઓ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ૧૫ કલાકથી વધુની જહેમત બાદ ૫ યુવકોના મૃતદેહ શોધી કાઢવામાં સફળતા મળતા ૫ યુવકોના મૃતદેહને પીએમ કરાવી અગ્નિદાહ આપવામાં આવ્યો હતો જ્યારે ૨૨ લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. ૨૨ ઈજાગ્રસ્તોમાંથી ૧૫ મોડાસા અને ૭ માલપુરમાં સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે ૨૦ વર્ષીય યુવતી ગંભીર ઈજાગ્રસ્ત હોવાથી સારવાર માટે હિંમતનગર ખસેડાઈ છે. જેમાં પિંકીબેન કાંતિભાઈ ચમાર સારવાર દરમિયાન મોત નિપજતા અકસ્માતમાં વધુ એક યુવતીનું મોત નિપજતા ૬ કલાકના સમયગાળામાં ૬ નનામીઓ

નાનકડા બેલ્યો ગામમાંથી ઉઠતા પરિવારજનો સહીત ગામ આંખુ હીબકે ચઢ્યું હતું.

વાત્રક નદી પર ડમ્પરે ટ્રકને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માતમાં ૫ યુવકો અને એક ૨૦ વર્ષીય યુવતીનું મોત નિપજતા. બેલ્યો ગામ સહીત મેઘરજ પંથકમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું. મોતને ભેટનાર તમામ યુવકો હજુ યુવાનીના ઉંબરે આવીને ઉભા હતા અને ત્રણ મૃતક યુવકો પરિવારનું એકનું એક સંતાન હોવાથી પરિવારજનોના હૈયાફાટ રૂદનથી ભારે શોકાગ્નિ છવાઈ હતી. રવિવારે બનેલ અકસ્માતના આઘાતજનક હાદસા પછી ૩૬ કલાક પછી ઘરના ચૂલા સળગ્યા નથી.

સોમવારે સાંજે મેઘરજના બેલ્યો ગામથી વીરાભાઈ મોંઘાભાઈ ચમાર અને તેમના ત્રણ ભાઈઓ માલપુરના મહીયાપુર ગામે તેમના બહેન લાડુબેન જેઠાભાઈ પરમારના ઘરે પુત્રના લગ્ન હોવાથી પરિવારજનો અને ગ્રામજનો ૩૨ જેટલા લોકો ટ્રેક્ટરમાં મામેરું લઈ નીકળ્યા હતા. માલપુર નજીક વાત્રક પુલ પરથી પસાર થતાં પાછળથી આવતા ડમ્પરે (ટ્રકે) ટક્કર મારતા ટ્રેક્ટર પુલની દીવાલ સાથે અથડાતા પુલની રેલિંગ તૂટતાં ટ્રેક્ટરમાં બેઠેલા ૫ યુવકો નદીમાં મોત નીપજ્યું હતું સદનસીબે ટ્રેક્ટર દીવાલને અથડાઈને અટકી ગયું હતું. અકસ્માતમાં ઈજાગ્રસ્ત લોકોમાંથી પિન્કીબેન કાંતિભાઈ પરમાર નામની યુવતીનું સારવાર દરમિયાન મોત નિપજતા કાળમુખા અકસ્માતમાં મોતનો આંકડો ૬ ને આંબી જતા સમગ્ર પંથકમાં શોકનો માહોલ સર્જાયો હતો.

### મધ્યમ વર્ગીય બજેટ...

● પહેલા પાનાનું ચાલુ

તાલુકામાં આવેલ આદિવાસીઓના આસ્થાના ધામ અનાવલ, કાવેરો - કાવેરી અને ગુપ્ત સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ ખાતે વિવિધ સુવિધાઓ પાછળ ૧૦ કરોડનો ખર્ચ કરાશે.

જલ જીવન મિશન અંતર્ગત હર ઘર જલના સૂત્ર સાથે વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજ્યમાં બાકી રહેલા ૧૭ લાખ ઘરમાં નળ જોડાણ દ્વારા પીવાનું પાણી આપવા સાથે ૩ વર્ષમાં ભૂગર્ભ જળ આધારિત વ્યક્તિગત પાણી પૂરવઠા યોજના હેઠળ દરેક ગામને પાણીના સરફેસ સોર્સ આધારિત જૂથ પાણી પૂરવઠા યોજનાના ભાગ તરીકે આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

નાણામંત્રીએ સિંચાઈ માટેની સુવિધાઓ, વિના વ્યાજે પાક ધિરાણ, પાક વીમો, બિયારણ, ખેત ઓજારો અને ખાતરની ખરીદીમાં સહાય, પાક- ઉત્પાદનોની ટેકાના ભાવે ખરીદી જેવી અનેક ખેડૂતલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. ગુજરાતના ખેડૂતોને ઝીરો ટકા વ્યાજ દરે એટલે કે વ્યાજ રહિત પાક ધિરાણ મળે તે માટે ૨૧૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂતોને દિવસ દરમિયાન પણ વીજ પુરવઠો પૂરો પાડવા માટે સરકારે દિનકર યોજના જાહેર કરી છે. આ યોજના માટે ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ખેડૂતો પાક વીમો લેવા ઈચ્છતા હશે તેમને મદદ કરવા પાક વીમાનું પ્રીમિયમ ભરવા ૬૧,૧૯૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તેમજ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના વિવિધ પ્રોજેકટ માટે ૩૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાતના ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે નાણામંત્રીએ નવી યોજનાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતને એક ગાય દીઠ નિભાવ ખર્ચ માસિક ૨૯૦૦ એટલે કે વાર્ષિક ૧૦,૮૦૦ની સહાય આપવામાં આવશે. પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતે ગાયનું છાણિયું ખાતર અને જીવામૃતનો ઉપયોગ કરવાનો રહેશે. જેના કારણે લાંબા ગાળે જમીનની ફળદ્રુપતા વધશે. લોકોને સ્વાથ્યપ્રદ ઓર્ગેનિક અનાજ અને શાકભાજી મળી રહેશે તેમજ ગૌ સેવાનો લાભ પણ મળશે.

આ ઉપરાંત ભારત સરકાર દ્વારા કિસાન રેલ અને ઉડાન યોજનાની જાહેરાત કરવામાં આવી છે તેના થકી ખેડૂતોને હળવા ભારવાહક વાહનની ખરીદી માટે ૨૫૦ હજાર થી ૨૭૫ હજાર સહાય આપવામાં આવશે. જેમાં પ્રથમ તબકકે પાંચ હજાર ખેડૂતોને લાભ આપવા ૨૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનો રેલવે સ્ટેશન કે એરપોર્ટ સુધી પહોંચાડવા માટે સહાય આપવા માટે ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન હેઠળ ઘઉં, ચોખા, કઠોળ, બરછટ અનાજ, કપાસ, શેરડી તથા તેલીબિયાં પાકોના ઉત્પાદનમાં વૃદ્ધિ માટે ૨૮૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એટલું જ નહીં, ગરીબ અને મધ્યમવર્ગને પહેલીવાર ૬૬ લાખ લાભાર્થીઓને તુવેરદાળનું વિતરણ કરવામાં આવશે. આ યોજનામાં પ્રત્યેક લાભાર્થીને વાર્ષિક ૧૨ કિલો તુવરદાળ રાહતદરે આપવામાં આવશે. ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ ૨૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એગ્રો અને ફૂડ પ્રોસેસીંગ એકમોને સહાય આપવા ૨૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### અબીલ ગુલાલ

● ચોથા પાનાનું ચાલુ

ભટકતા કરી દેવાના પેંતરા કરનાર કેટલાય સમૂહો સમાજમાં પ્રસરી ને સાયલન્ટલી પોતાના કરતૂતોને અંજામ આપી રહ્યા છે. 'માચીસ' જેવી અનેક ફિલ્મોમાં આનું ચિત્રાંકન થયેલું છે.

એવા સમયે પરિવારનો રોલ અત્યંત મહત્વનો બની રહે છે. યુવાન વયે જ્યારે બાહ્ય અને આંતરિક સંઘર્ષ વચ્ચે વ્યક્તિનું મન-હ્રદય ઝોલાં ખાતું હોય ત્યારે મનોવૈજ્ઞાનિક સમજ સાથેની પરિવારની હૂંફ, સમજદારી ભર્યો સાથ, માર્ગદર્શનની ખૂબ જરૂર વર્તાય છે. યુવાન સાથે યુવા બનીશું તો એની નજીક રહી શકાશે. પહેરવેશ, વાતચીત, લઢણ દેશ-દુનિયાની માહિતીથી જાતને અપડેટ રાખીએ તો એના દોસ્ત બનવું સરળ રહેશે. પરિવર્તનને સમજીને સ્વીકારવાની આ વેળાએ પરંપરાનો છેડો છોડવો પડે તો એ તૈયારી રાખવી પણ જરૂરી છે. બ્રિટનનો રાજવી પરિવાર જો પોતાની શાહી પરંપરા તોડીને રાજકુમારને પત્ની સહ પોતાની રીતે જીવવાની છૂટ આપી શકતો હોય તો સામાન્ય જને જીદને જાકારો આપવો જ રહ્યો.

### વિધાનસભામાં ગાંધીનગર...

● છેલ્લા પાનાનું ચાલુ

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાએ પ્રશ્ન રજુ કર્યો હતો જેના જવાબમાં કૃષિમંત્રીએ જણાંવ્યા મુજબ છેલ્લા એક વર્ષમાં સર્વેના અંતે સિઝનવાર પાકના અંદાજો અંગે વર્ષ ૨૦૧૮-૧૯ના રવિ પાકનુ વાવેતર ૮૨૭૧૮ હેકટરમાં જયારે વર્ષ ૨૦૧૯માં ઉનાળુ પાકનુ વાવેતર ૨૩૩૦૦ હેકટરમાં જયારે ખરીફ પાકનુ વાવેતર ૧૩૨૪૭૫ હેકટરમાં થયુ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જયારે આ માટે એજન્સીને રૂ ૧૭,૧૩ લાખની રકમ ચુકવાઈ હતી.

● **વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે ૨૯૫૬નો સહાય ચુકવાઇ**

ગાંધીનગર જિલ્લામાં વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં ૬૮૫૨ અરજીઓ મળી હતી. જયારે આ પૈકી ૨૯૫૬ કિસ્સામાં કુટીર ઉદ્યોગ કક્ષાએથી સહાય ચુકવવામાં આવી હતી. જયારે ૧૮૫૧ કીસ્સમાં સહાયની ચુકવણી બાકી છે. જેની પાછળ નાંણાંકીય વર્ષના બેકલોગ સહીત નવા નાંણાકીય વર્ષના કલેઈમ ચુકવવાના થતા હોવાથી સહાય ચુકવવાની બાકી રહી છે. જયારે ગ્રાન્ટની ઉપલબ્ધિ થવાથી અદ્યતાના ધોરણે સહાય ચુકવવામાં આવે છે.

● **બે વર્ષમાં એક પણ ખેડુતોએ આત્મહત્યા કરી નથી**

જિલ્લામાં બે વર્ષ દરમિયાન એકપણ ખેડુતોએ આત્મહત્યા કરી નથી. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાના પ્રશ્નના જવાબમાં કૃષિમંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવાયા મુજબ જિલ્લામાં બે વર્ષ દરમિયાન એક પણ ખેડુતોએ આત્મહત્યા કરી નથી જયારે ખેડુતો આ પ્રકારનુ પગલુ ભરતા રોકવા માટે સરકારના કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા ખેડુતોને પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના અન્વયે જીરો ટકા વ્યાજે પાક ધિરાણ યોજના તેમજ રાજય અને કેન્દ્ર પુરસ્કૃત વિકાસલક્ષી વિવિધ સહાય યોજનાઓ દ્વારા પણ ખેડુતોને લાભ આપવામાં આવે છે.

### વિમાનું પ્રિમીયમ

● છેલ્લા પાનાનું ચાલુ

રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના વિવિધ પ્રોજેકટ માટે ૩૦૦ કરોડની જોગવાઇ કરાઇ છે. નીતિનપટેલે કમોસમી વરસાદ , વાવાઝોડું , અતિવૃષ્ટિ , જીવજંતુનો ઉપદ્રવ અને અન્ય પરિબળોથી પાક ઉત્પાદન બાદનું નુકસાન અટકાવવા માટે મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજનાની જાહેરાત કરતા જણાવ્યું કે, આ યોજના અંતર્ગત ખેડૂતોને ખેતરમાં નાના ગોડાઉન - ઓન ફાર્મ સ્ટોરેજ સ્ટ્રકચર બનાવવા માટે એકમ દીઠ ૩૦,૦૦૦ સહાય રાપવામાં આવશે. આવા સ્ટ્રકચરના બાંધકામ માટે એન.એ. ની મંજૂરીથી મુકિત આપવામાં આવશે. જેના માટે ૨૩૦૦ કરોડની જોગવાઈ કરાઇ છે. તો, કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત ૨૯,૦૦૦ ખેડૂતોને ટ્રેક્ટર દીઠ રૂ.૪૫, ૦૦૦થી રૂ.૬૦,૦૦૦ની સહાય તેમજં આશરે ૩૨,૦૦૦ ખેડૂતોને વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા રૂ.૨૩૫ કરોડની જોગવાઈ કરાઇ છે. દરમ્યાન ગુજરાતના ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે નવી યોજનાની જાહેરાત કરતાં તેમણે જણાવ્યું કે, આ યોજના અંતર્ગત ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતને એક ગાય દીઠ નિભાવ ખર્ચ માસિક રૂ.૯૦૦ એટલે કે વાર્ષિક રૂ.૧૦,૮૦૦ સહાય આપવામાં આવશે . પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતે ગાયનું છાણિયું ખાતર અને જીવામૃતનો ઉપયોગ કરવાનો રહેશે . જેના કારણે લાંબા ગાળે જમીનની ફળદ્રુપતા વધશે. લોકોને સ્વાથ્યપ્રદ ઓર્ગેનિક અનાજ અને શાકભાજી મળી રહેશે તેમજ ગૌ સેવાનો લાભ પણ મળશે . આ યોજના અંતર્ગત અંદાજે ૫૦ હજાર ખેડૂતોને આવરી લેવા માટે રૂ.૫૦ કરોડની જોગવાઇ કરાઇ છે. ખેડૂતો પોતાના ઉત્પાદન રાજ્યના અન્ય શહેરોમાં અથવા દેશના અન્ય ભાગોમાં વેચાણ અર્થે લઈ જઈ શકે તે માટે પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવી ખૂબ જરૂરી બને છે. આ હેતુ માટે ભારત સરકારે કિસાન રેલ અને ઉડાન યોજના જાહેર કરી છે. જેને સુસંગત કિસાન પરિવહન યોજનાની નાણાંમંત્રીએ જાહેરાત કરતાં જણાવ્યું કે, આ યોજના દ્વારા ખેડૂતોને હળવા ભારવાહક વાહનની ખરીદી માટે રૂ.૫૦ હજાર થી રૂ.૭૫ હજાર સહાય આપવામાં આવશે. જેમાં પ્રથમ તબકકે અંદાજિત પાંચ હજાર ખેડૂતોને લાભ આપવા રૂ.૩૦ કરોડની જોગવાઈ કરાઇ છે. ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનો રેલવે સ્ટેશન કે એરપોર્ટ સુધી પહોંચાડવા માટે સહાય આપવામાં આવશે. જે માટે ૧૦ કરોડની જોગવાઇ કરાઇ છે.